# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
## અમદાવાદ ગ્રામ્ય





: માર્ગદર્શન :

**શ્રી નૂતનબેન પી. રાવલ**

પ્રાચાર્ય

શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,

અમદાવાદ ગ્રામ્ય

: સંકલન :

**હર્ષા એમ. જોશી**

સિનિયર લેક્ચરર (ઈ.ટી. શાખા)

શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,

અમદાવાદ ગ્રામ્ય

: લેખન :

**ચૌહાણ ભરતકુમાર એલ.**

ગુંજાર પ્રાથમિક શાળા,

તા. ધંધુકા, જિ. અમદાવાદ

# શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

## અમદાવાદ ગ્રામ્ય

# બ્લોગસ્પોટમાં બ્લોગ બનાવવો


માર્ગદર્શન

શ્રી નૂતનબેન પી. રાવલ

પ્રાચાર્ય,

શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,અમદાવાદ ગ્રામ્ય

*લેખન*

*ચૌહાણ ભરતકુમાર એલ.*

*ગુંજાર પ્રા. શાળા*

*તા.ધંધુકા જિ. અમદાવાદ*

*સંકલન*

*હર્ષા એમ. જોશી*

*સિનિયર લેકચરર,ઇ.ટી. શાખા*

*શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને*

*તાલીમ ભવન ,અમદાવાદ ગ્રામ્ય*

# અનુક્રમણિકા


[1] પ્રસ્તાવના ....... 1

[2] મફત બ્લોગની સુવિધા ....... 1

[3] બ્લોગર (બ્લોગસ્પોટ) માં નવો બ્લોગ કેવી રીતે બનાવવો ....... 2

[4] Sign In (સાઈન ઇન) થવું ....... 6

[5] ડેશબોર્ડ ....... 6

[6] બ્લોગનું શીર્ષક પસંદ કરવું, લખવું કે બદલવું ....... 7

[7] ટેમ્પલેટ (થીમ) ની પસંદગી – ફેરફાર કરો ....... 8

[8] મફત બ્લોગર ટેમ્પલેટ ડાઉનલોડ કરો – ઇન્સ્ટોલ કરો ....... 8

[9] વિવિધ Side bar (ગેજેટ) મૂકવા ....... 10

[10] બ્લોગમાં ચાલતી પટ્ટી મૂકવી ....... 11

[11] બ્લોગની Navbar (નેવબાર) કેવી રીતે બંધ કરવી ....... 12

[12] પેઈજ બનાવવા ....... 13

[13] મેનુબાર બનાવવું ....... 13

[14] બ્લોગમાં પોસ્ટ મૂકતા શીખવું ....... 15

[15] ફાઈલ અપલોડ કરતા શીખવું ....... 15

[16] બ્લોગમાં લેબલ (વિભાગ) બનાવવા ....... 19

[17] બ્લોગ પર અનુક્રમણિકા બનાવો ....... 20

[18] બ્લોગમાંથી પેઈજ Delete કરવા ....... 21

[19] બ્લોગમાંથી પોસ્ટ Delete કરવી ....... 22

[20] લોગો કે ચિત્ર શીર્ષક તરીકે મૂકવું ....... 23

[21] તમારા બ્લોગમાં ચિત્ર કે ફોટોની પોસ્ટ કેવી રીતે મૂકશો ....24

[22] યુ-ટ્યુબ પર Video અપલોડ કરી તમારા બ્લોગમાં દર્શાવો. ....26

[23] પોસ્ટમાં લીંક કેવી રીતે મૂકવી....28

[24] કોમેન્ટ જોવી અથવા Delete કરવી....29

[25] સંપર્ક ફોર્મ બનાવવું ....30

[26] અન્ય મિત્રને Admin કે Author તરીકે આમંત્રણ આપો....31

[27] બ્લોગમાં જૂની પોસ્ટ શોધી ફેરફાર કરી અપડેટ કરો....35

[28] હોમ પેઈજ પર કેટલી પોસ્ટ રાખશો ? ....36

[29] બ્લોગર પોસ્ટ એડિટર ફોર્મેટિંગ ટૂલબારની સમજ ....36

[30] નિર્ધારિત સમય અને તારીખ પ્રમાણે પોસ્ટ પ્રકાશિત કરો....37

[31] પોસ્ટમાં જમ્પ બ્રેક ઉમેરો ....38

[32] Layout બદલાવો....38

[33] બ્લોગ પરથી Facebook પર લીંક Share કરો ....39

[34] ગૂગલ ફોર્મ દ્વારા માહિતી એકત્ર કરો....40

[35] બ્લોગ Delete કરવો....42

[36] Blogger ની મર્યાદાઓ....43

[37] ડ્રોપડાઉન મેનુબાર બનાવવું....43

[38] અન્ય વેબસાઈટ પરથી MP3 ગીતો કેવી રીતે ડાઉનલોડ કરશો ? ....47

[39] યુ-ટ્યુબમાંથી Video કેવી રીતે ડાઉનલોડ કરશો. ? ....48

રીત-1. KEEPVID....48

રીત-2. URL માં SS લખીને ....49

રીત-3. URL માં MAGIC લખીને....50

## [1] પ્રસ્તાવના

આજના આ ટેકનોલોજીના યુગમાં જો આપણે સૌએ સમય સાથે તાલ મિલાવવો હશે તો ટેકનોલોજીનો ઉપયોગ કર્યા વિના હવે ચાલે તેમ નથી. આજના આ ઝડપી યુગમાં પળે પળે માહિતીનો વિસ્ફોટ થઇ રહ્યો છે. આ માહિતી મેળવવાના આપણી પાસે અનેક સ્રોત હાલમાં ઉપલબ્ધ છે. તેમાંથી ઈન્ટરનેટનો સ્રોત આપણને પળે પળે તાજા સમાચાર કે માહિતી પૂરી પાડે છે. આજે વિશ્વભરમાં ઈન્ટરનેટનો ફેલાવો ખૂબજ ઝડપી ગતિએ થઇ રહ્યો છે. તો તેમાંથી આપણે કેવી રીતે બાકાત રહી શકીએ ? આપણે પણ ઇન્ટરનેટનો ભરપૂર ઉપયોગ કરી શકીએ છીએ. આજે વિશ્વભરના લોકો અનેક પ્રકારની વેબસાઈટ પરથી પોતાને લગતી માહિતી કે પોતાને ઉપયોગી માહિતી મેળવી રહ્યા છે. તમે અનેક પ્રકારની વેબસાઈટ જોઈ હશે. તમને વિચાર પણ આવતો હશે કે આ વેબસાઈટ કોણ બનાવતું હશે ? શું તમને જાતે વેબસાઈટ બનાવવાનો ક્યારેય વિચાર આવ્યો છે ખરો ? જો વિચાર આવ્યો પણ હશે તો આર્થિક ખર્ચ અને વેબસાઈટ બનાવવાનું અને સંચાલન કરવાનું જ્ઞાન ન હોવાથી તમે તમારા વિચારને દાબી દીધો હશે. પરંતુ તમને ખ્યાલ છે ખરો કે વેબસાઈટ જેવીજ સુવિધા બ્લોગ પણ આપે છે અને તે પણ તદ્દન મફત. બ્લોગ બનાવવા માટે કોઈપણ પ્રકારના વિશેષ ટેકનીકલ જ્ઞાનની જરૂર નથી. બ્લોગ બનાવવો અને તેનું સંચાલન કરવું ઘણું સહેલું છે. તો ચાલો હવે આપણે બ્લોગની દુનિયાની સફર કરીએ.

## [2] મફત બ્લોગની સુવિધા

આજે ઘણી બધી વેબ હોસ્ટિંગ સાઈટ આપણને મફત બ્લોગ બનાવવાની સુવિધા આપે છે. મફત બ્લોગની સુવિધા નીચેની કોઈપણ લીંક પર ક્લિક કરવાથી મળી શકે છે. સૌપ્રથમ એ નક્કી કરો કે તમારે નીચેના વિકલ્પ પૈકી બ્લોગ શેમાં બનાવવો છે.

www,wordpress.com

www.blogger.com

www.weebly.com

http://blog.com/

https://www.yola.com/


આજે આપણે ઉપરના જુદા જુદા વિકલ્પ પૈકી www.blogger.com બ્લોગર (બ્લોગસ્પોટ) માં બ્લોગ કેવી રીતે બનાવી શકાય તેના વિષે વિગતે જાણીશું. (એક **Gmail** એકાઉન્ટથી તમે તમારા ૧૦૦ સુધી બ્લોગ બનાવી શકશો)

## [3] બ્લોગર (બ્લોગસ્પોટ) માં નવો બ્લોગ કેવી રીતે બનાવવો

સૌપ્રથમ તમે જે બ્રાઉઝર (મોઝિલા ફાયરફોક્સ, ગૂગલ ક્રોમ, ઈન્ટરનેટ એક્સપ્લોરર વગેરે) વાપરતા હોય તેના પર ક્લિક કરો. તેમાં એડ્રેસ બારમાં જઈ https://www.google.co.in/ લખો. થોડીવાર રાહ જુઓ પ્રોસેસ થઇ ગૂગલના લોગોવાળું ગૂગલનું હોમપેજ ખુલશે. નીચેનું ચિત્ર જુઓ.





તેમાં www.blogger.com નામ ટાઈપ કરો. ગૂગલ તમને શોધ પરિણામો બતાવશે. તેમાં સૌથી ઉપરનું શોધ પરિણામ **Blogger** https://**www.blogger.com**/ બતાવશે. નીચેનું ચિત્ર જુઓ.




તેમાં **Blogger** લખેલું છે તેના પર ક્લિક કરો. તમારા **Gmail** યુઝરનેઈમ અને પાસવર્ડથી લોગઈન થવા માટે તમને નીચે મુજબની એક સ્ક્રીન દેખાશે.





તેમાં યુઝરનેઈમ અને પાસવર્ડ દાખલ કરી સાઈન ઇન થાવ. હવે તમને નીચે મુજબ એક સ્ક્રીન દેખાશે.




**Blogger Profile** પર ક્લિક કરશો એટલે તમને નીચે મુજબ સ્ક્રીન દેખાશે.




ઉપરના ચિત્રમાં **Display Name** બાજુમાં આવેલ ખાનામાં તમારું નામ લખો. (અહીં તમે બ્લોગ પર જે નામ પ્રદર્શિત કરવા માંગતા હોય તે નામ લખવું.) નામ લખ્યા બાદ **Continue to Blogger** પર ક્લિક કરો. તમને નીચે મુજબ જેવી સ્ક્રીન દેખાશે.





ઉપરના ચિત્રમાં **New Blog** લખેલું છે તેના પર ક્લિક કરો. જો તમે અગાઉ કોઈપણ બ્લોગ બનાવેલ હશે તો પણ તમે એક જ યુઝરનેઈમ અને પાસવર્ડથી બીજો બ્લોગ બનાવી શકો છો. નીચેના ચિત્રમાં તમે જોઈ શકો છો.




ઉપરના ચિત્રમાં શબ્દપ્રીત (www.omarmik.blogspot.com) નામનો એક બ્લોગ અગાઉ બનાવેલ છે. હવે બીજો બ્લોગ બનાવવો હોય તો પણ બનાવી શકાય છે. તેના માટે **New Blog** લખેલું છે તેના પર ક્લિક કરો. હવે નીચે મુજબ સ્ક્રીન દેખાશે.

(નોંધ : તમે અગાઉ ગમે તેટલા બ્લોગ બનાવ્યા હોય તો પણ નવો બ્લોગ અલગ નવા નામ (**URL**) થી બનાવી શકાય છે. અહીં એ યાદ રાખવું જરૂરી છે કે એક જ નામથી એક સરખા કોઈ બે બ્લોગ બની શકતા નથી. પૂરા વિશ્વમાં એક નામથી એક જ બ્લોગ બની શકે છે. બીજો બ્લોગ બનાવો ત્યારે તમારે તેનું નામ અલગ રાખવું પડે છે.)





ઉપરના ચિત્રમાં Title ની બાજુમાં આવેલ ખાનામાં બ્લોગનું મનગમતું શીર્ષક લખવાનું છે. તે ગુજરાતી અથવા અંગ્રેજી કોઈપણ ભાષામાં લખી શકો છો. Address ની બાજુમાં આવેલ ખાનામાં તમને ગમતું બ્લોગનું URL લખવાનું છે. (URL ટૂંકુ અને સરળ રાખવું જેથી અન્ય લોકો પણ યાદ રાખી શકે અને તમારા બ્લોગની સતત મુલાકાત લેતા રહે) Template વિભાગમાંથી કોઈપણ એક Template પસંદ કરી તેના પર ક્લિક કરી Create blog! બટન પર ક્લિક કરો. હવે તમારો બ્લોગ બની ગયો છે. તમને નીચેના જેવી સ્ક્રીન દેખાશે.



## [4] Sign In (સાઈન ઇન) થવું

તમે તમારું કમ્પ્યૂટર જ્યારે બંધ કર્યું હશે ત્યારે બ્લોગમાંથી કે ઈ-મેઈલમાંથી **Sign out** થયા હશો તો તમે ફરીવાર જ્યારે કમ્પ્યૂટર ચાલુ કરશો ત્યારે ત્યારે તમારા બ્લોગમાં કામ શરૂ કરવા માટે **Sign In** થવું ખૂબ જ જરૂરી છે. **Sign In** વગર તમે તમારા ડેશબોર્ડ સુધી પહોંચી શકતા નથી. તેના માટે તમે ગૂગલમાં જઈ **blogger.com** લખો ત્યારબાદ જે શોધ (સર્ચ) પરિણામ આવે તેમાં **Blogger** પર ક્લિક કરો. તમને નીચેના જેવી એક સ્ક્રીન દેખાશે.




સૌપ્રથમ યુઝરનેઈમના ખાનામાં યુઝરનેઈમ લખો ત્યારબાદ **Next** બટન પર ક્લિક કરો. પાસવર્ડના ખાનામાં તમે નક્કી કરેલો પાસવર્ડ લખો. ત્યારબાદ **Sign In** બટન પર ક્લિક કરો. હવે નીચે મુજબ એક સ્ક્રીન દેખાશે જે તમારા બ્લોગનું ડેશબોર્ડ છે.

## [5] ડેશબોર્ડ


તમને **Sign In** થયા પછી નીચે મુજબ એક સ્ક્રીન જોવા મળશે. જેમાં માત્ર **Sign In** થયેલ વ્યક્તિ જ કામ કરી શકે છે એટલે કે માત્ર તમે જ કામ કરી શકો છો. જો કોઈ બીજા વ્યક્તિને યુઝરનેઈમ અને પાસવર્ડ

આપ્યા હશે તો તે પણ ડેશબોર્ડ જોઈ શકે છે અને કામ કરી શકે છે.) આપણા ડેશબોર્ડ પરથી આપણે આપણા બ્લોગનું સમગ્ર સંચાલન કરી શકીએ છીએ.




## [6] બ્લોગનું શીર્ષક પસંદ કરવું, લખવું કે બદલવું


http://omarmik.blogspot.com/ આ બ્લોગનું એડ્રેસ (URL) છે. શીર્ષક નથી. (શીર્ષક તરીકે રાખવા માંગો તો રાખી શકાય છે.) તમે તમારા બ્લોગનું શીર્ષક બ્લોગના નામ પ્રમાણે અથવા અલગ રાખી શકો છો. તે ગુજરાતીમાં કે અંગ્રેજીમાં પણ રાખી શકો છો. શીર્ષક માટે ડેશબોર્ડમાંથી **Settings** પર ક્લિક કરો. તેમાંથી **Basic** વિકલ્પ પર ક્લિક કરો. તમને નીચે જેવી એક સ્ક્રીન દેખાશે.




અહીં સૌપ્રથમ **Title** (શીર્ષક) સામેના ખાનામાં મનગમતું શીર્ષક લખો. ત્યારબાદ **Save changes** બટન પર ક્લિક કરો. હવે **Description** (પંક્તિ, સૂત્ર, બ્લોગ વિશેની ટૂંકમાં માહિતી) લખવા માટે **Edit** બટન પર ક્લિક કરો. હવે ત્યાં તમે જે પંક્તિ લખવા માંગતા હોય તે લખો. ત્યારબાદ **Save changes** નામના બટન પર ક્લિક કરો. હવે તમે કરેલ ફેરફાર કાયમ માટે સચવાઈ (Save) રહેશે અને જે લોકો બ્લોગ ખોલશે તેમને બ્લોગમાં સૌથી ઉપર આ બંને વસ્તુ લખેલી દેખાશે.

## [7] ટેમ્પલેટ (થીમ) ની પસંદગી – ફેરફાર કરો


ટેમ્પલેટની પસંદગી કે ફેરફાર કરવા માટે ડેશબોર્ડમાંથી ડાબી બાજુ ઊભા કોલમમાંથી સૌથી છેલ્લેથી ઉપરનું Template ટેમ્પલેટ પર ક્લિક કરો. તમને નીચે જેવી એક સ્ક્રીન દેખાશે.





**Template** વિભાગમાં તમને તમારો ચાલુ બ્લોગ અત્યારના ટેમ્પલેટ મુજબ કેવો દેખાય છે તે **Live on Blog** સ્વરૂપે જોવા મળશે. **Mobile** માં તમારો બ્લોગ કેવો દેખાશે તે પણ જોઈ શકાશે. હવે તમને વિવિધ ટેમ્પલેટ જોવા મળશે તે ટેમ્પલેટમાંથી તમે કોઇપણ ટેમ્પલેટ પસંદ કરી શકો છો. ટેમ્પલેટ પર માઉસ લઇ જશો એટલે કર્સરનો એરો બદલાઈ જશે અને તે ટેમ્પલેટ નીચે **Apply To Blog** અને **Customize** લખેલું દેખાશે. **Customize** પર ક્લિક કરશો એટલે તમે જે તે ટેમ્પલેટમાં સુધારા વધારા કરી શકો છો. અંતે **Apply To Blog** પર ક્લિક કરવાથી નવું ટેમ્પલેટ આવી જશે.

## [8] મફત બ્લોગર ટેમ્પલેટ ડાઉનલોડ કરો – ઇન્સ્ટોલ કરો


ગૂગલમાં જઈ **Free Blogger Template** લખશો એટલે ઘણી બધી વેબસાઈટના નામ આવશે. કેટલીક વેબસાઈટના નામ અહીં લખું છું : http://btemplates.com/, http://www.mybloggerthemes.com/, http://designscrazed.org/, http://www.themexpose.com/, http://www.bloggertemplatestore.com/ તેમાંથી http://btemplates.com/ પર ક્લિક કરો તમને નીચે મુજબ ચિત્ર જોવા મળશે. ટેમ્પલેટની નીચે **Demo** લખેલું છે તેના પર ક્લિક કરી તે ટેમ્પલેટ કેવું લાગે છે તે જોઈ લો. જો ટેમ્પલેટ ગમી જાય તો જમણી બાજુ **Download** લખેલું છે તેના પર ક્લિક કરી ટેમ્પલેટ ડાઉનલોડ કરી લો.




હવે ડાઉનલોડ કરેલ ટેમ્પલેટને ઇન્સ્ટોલ કેવી રીતે કરાય તે જોઈએ.




સૌપ્રથમ બ્લોગરનું ડેશબોર્ડ ખોલો. તેમાં Template પર ક્લિક કરો. Live on Blog ની નીચે લખેલ Edit HTML પર ક્લિક કરો. તેમાં HTML કોડ આપેલ હશે તે Ctrl + A કી દબાવી સિલેક્ટ કરો હવે Ctrl + C કી દબાવી કોપી કરી તે બીજે ક્યાંક (વર્ડ કે નોટપેડમાં) Save કરીને રાખો. Live on Blog નીચે Edit HTML વાળી જે ફાઈલ ખુલ્લી છે તેનો HTML કોડ સૌપ્રથમ રીમુવ કે Delete કરો. તેની જગ્યાએ અગાઉ ડાઉનલોડ કરેલી ટેમ્પલેટ ફાઈલ પર રાઈટ ક્લિક કરી Open with નોટપેડમાં ખોલો. તેમાં રહેલ HTML કોડને કોપી કરો અને Edit HTML માં પેસ્ટ કરો. અંતે Save template પર ક્લિક કરો.




## [9] વિવિધ Side bar (ગેજેટ) મૂકવા


**Side bar** (ગેજેટ) માટે ડેશબોર્ડમાંથી **Layout** પર ક્લિક કરો. હવે જમણી બાજુ તમને નીચે મુજબ એક સ્ક્રીન દેખાશે.




**Add a Gadget** પર ક્લિક કરો તમને નીચેની સ્ક્રીન દેખાશે.





ઉપરના ચિત્રમાંથી જે મૂકવા માંગો છો તેના પર ક્લિક કરો જેમકે : **Blog Archiv**




## [10] બ્લોગમાં ચાલતી પટ્ટી મૂકવી


ડેશબોર્ડમાંથી **Layout** પર ક્લિક કરો.





**Add a Gadget** પર ક્લિક કરો.




હવે **HTML/JavaScript** પર ક્લિક કરો.





નીચે મુજબ એક સ્ક્રીન દેખાશે.




**Content** ના ખાનામાં ઉપર મુજબનો **HTML** કોડ પેસ્ટ કરો. ગુજરાતીમાં આપ સૌનું હાર્દિક સ્વાગત છે. એવું લખેલું છે તેની જગ્યાએ તમે ગમે તે લખાણ મૂકી શકો છો.

## [11] બ્લોગની Navbar (નેવબાર) કેવી રીતે બંધ કરવી


ડેશબોર્ડમાંથી Layout પર ક્લિક કરો.




Navbar (નેવબાર) પર જમણી બાજુ નીચેના ખૂણામાં Edit લખેલું હશે તેના પર ક્લિક કરો.





નીચે મુજબ ચિત્ર જોવા મળશે.





ઉપરના ચિત્રમાં જુદા જુદા રંગના નેવબાર દેખાય છે. તેમાં સૌથી નીચે Off લખેલું છે તેની આગળ રહેલા ગોળ નાના ખાનામાં ક્લિક કરો. અંતે Save બટન પર ક્લિક કરો.

## [12] પેઈજ બનાવવા


બ્લોગ પર કામ કરવા માટે વિવિધ પેઈજની જરૂર પડશે. બ્લોગ પર તમે જે વિગત મૂકવા માંગતા હોય તેને લગતા પેઈજ બનાવી શકાય. પેઈજ માટે ડેશબોર્ડમાંથી **Pages** પર ક્લિક કરો.




ત્યારબાદ **New page** પર ક્લિક કરો.





તમને નીચે જેવી એક સ્ક્રીન દેખાશે.





તમારે જેટલા પેઇજની જરૂર હોય તેટલા પેઈજ તમે આ રીતે બનાવી શકો છો.

## [13] મેનુબાર બનાવવું


તમે બ્લોગ કે વેબસાઈટમાં મેનુબાર જોયા હશે. મેનુબારને કારણે યુઝર્સને માહિતી કે વિગત શોધવામાં સરળતા રહે છે. આપણા બ્લોગનો દેખાવ પણ આકર્ષક લાગે છે. મેનુબાર માટે ડેશબોર્ડમાંથી **Layout** પર ક્લિક કરો.




**Layout પર ક્લિક કર્યા બાદ જે સ્ક્રીન ખૂલે તેમાં સૌથી ઉપર Navbar, Header ની નીચે Cross-Column માં આવેલ Add a Gadget પર ક્લિક કરો**




હવે વિવિધ ગેજેટ ખૂલશે તેમાંથી Pages નામના ગેજેટ પર ક્લિક કરો.





તમને નીચે મુજબ એક સ્ક્રીન દેખાશે.




ઉપરના ચિત્રમાં **Title** વાળા ખાનામાં ગુજરાતીમાં પણ શીર્ષક લખી શકો છો. કોઈપણ અન્ય ગમતા બ્લોગના પેઈજ મોકવા માટે **Add external link** પર ક્લિક કરો. હવે નવી સ્ક્રીન ખૂલશે તેમાં પેઈજનું શીર્ષક અને અન્ય ગમતા બ્લોગના પેઈજનું **URL** કોપી કરી પેસ્ટ કરો. અંતે **Save Link** પર ક્લિક કરો તમારું નવું પેઈજ બની જશે. **Select all** પર ક્લિક કરો. બધા પેઈજ આગળ ખરાની નિશાની આવી જશે અને આપોઆપ જમણી બાજુ **List Order** ની નીચે આવી જશે. ત્યારબાદ પેઈજને જે ક્રમમાં ગોઠવવા હોય તે ક્રમમાં ગોઠવવા માટે જે તે પેઈજને ઉપર કે નીચે ડ્રેગ કરીને લઇ જાવ અને ત્યાં મૂકી દો. અંતે **Save** બટન પર ક્લિક કરો. તમે તમારો બ્લોગ ખોલીને જુઓ ત્યાં તમારું પેઈજ મેનુ તમે રાખેલા ક્રમમાં દેખાશે.

## [14] બ્લોગમાં પોસ્ટ મૂકતા શીખવું

પોસ્ટ મૂકતા શીખવું એ બ્લોગનો સૌથી અગત્યનો ભાગ છે. આપણે બ્લોગ શા માટે બનાવીએ છીએ ? આપણી પાસે રહેલ મટીરીયલ કે સાહિત્યને બીજા લોકો સુધી પહોંચાડવા માટે. આ મટીરીયલ કે સાહિત્ય આપણી પાસે અલગ અલગ સ્વરૂપે હોય છે જેમકે **Word, Excel, PowerPoint Presentation, PDF,** ફોટો, ક્વિઝ, MP3, વિડીઓ વગેરે વગેરે. આગળ આપણે પેઈજ બનાવતા શીખ્યા તે આપણને અહીં પણ ઉપયોગી થશે. પેઇજની જેમજ પોસ્ટ બને છે. પરંતુ બંનેનું કામ થોડું અલગ અલગ છે. તમે દરરોજ કે સમયાંતરે તમારા બ્લોગ પર પોસ્ટ મૂકતા હોય કે મૂકવાની થતી હોય ત્યારે પોસ્ટ વિભાગ ખૂબજ કામમાં લાગે છે. તો ચાલો પોસ્ટ બનાવીને કેવી રીતે મૂકવી તે શીખીએ. તે માટે ડેશબોર્ડમાંથી **Posts** પર ક્લિક કરો. ત્યારબાદ **New post** નામના કેસરી કલરના બટન પર ક્લિક કરો. તમને નીચે જેવી એક સ્ક્રીન દેખાશે.





ઉપરના ૪ સ્ટેપ પ્રમાણે કામ કરશો એટલે તમારી પોસ્ટ પ્રકાશિત થઇ જશે. આ પ્રકાશિત પોસ્ટ તમારા બ્લોગના હોમ પેઈજ પર દેખાશે. હવે તમે તમારા બ્લોગમાં જે વિગત મૂકવા માંગો છો તે આ રીતે મૂકતા રહો. [આ રીતથી તમે ફક્ત **TEXT** (લખાણ) જ પોસ્ટ કરી શકશો. જો કોઈ **PDF** કે **Word** ફાઈલ અપલોડ કરવી હશે તો કરી શકશો નહીં. તેના માટે આગળના પ્રકરણમાં શીખીએ.]

## [15] ફાઈલ અપલોડ કરતા શીખવું


બ્લોગ પર ઘણીવાર સીધું જ લખાણ લખવાને બદલે ૧૦-૨૦ કે ૫૦-૧૦૦ પાનાની આખી **PDF , Word, Excel, PowerPoint Presentation, MP3** વગેરે પ્રકારની ફાઈલ અપલોડ કરવાની થાય છે. બ્લોગર (બ્લોગસ્પોટ) માં આ સુવિધા આવતી નથી. તેથી અન્ય વેબહોસ્ટિંગ સાઈટ પર ફાઈલ અપલોડ કરી તેની લીંક મૂકવી પડે છે. તો ચાલો તેના માટે શુ કરવું પડશે તે જોઈએ. આ માટે સૌથી સહેલો રસ્તો ગૂગલ પેઈજ બનાવવાનો છે. (આ કામ બ્લોગરમાં બ્લોગ બનાવવા જેવું જ છે. તે એક પ્રકારે બ્લોગનું જ કામ કરે છે. જો તમે Gmail [illegible]

પડવું નહિ પડે. (જો તમે **Sign out** થઇ ગયા હોય અને પછી **https://sites.google.com/** ખોલશો તો તમારે **Gmail** યુઝરનેઈમ અને પાસવર્ડથી લોગઈન થવું પડશે)

સૌપ્રથમ ગૂગલમાં **https://sites.google.com/** સાઈટ ખોલો. તમને નીચેનું ચિત્ર જુઓ.





ઉપરના ચિત્રમાં **CREATE** નામનું બટન જોવા મળે છે તેના પર ક્લિક કરો. નીચેનું ચિત્ર જોવા મળશે.





ઉપરના ચિત્રમાં **Select a template to use** માંથી કોઈપણ મનગમતું ટેમ્પલેટ પસંદ કરો. **Name your site** ની નીચેના ખાનામાં સાઈટનું નામ કે શીર્ષક ગુજરાતીમાં પણ લખી શકો છો. **Site location** ની નીચેના ખાનામાં **URL** લખો (તમે ગમે તે નામ લખી શકો છો) I'm not a robot ની આગળ રહેલ ચેક બોક્સ પર ક્લિક કરો થોડીવાર પ્રકિયા (પ્રોસેસ) થઇ આપોઆપ ખરાનું નિશાન આવી જશે. અંતે **CREATE** બટન પર ક્લિક કરો. તમને નીચે મુજબ એક સ્ક્રીન દેખાશે




ઉપરના ચિત્ર મુજબ Create page ના નિશાન પર ક્લિક કરો તમને નીચે મુજબ એક સ્ક્રીન દેખાશે.




ઉપરના ચિત્ર મુજબ **Name your page** ની નીચેના ખાનામાં પેઈજનું નામ લખો. ત્યારબાદ **CREATE** બટન પર ક્લિક કરો. (તમે ગમે તેટલા પેઈજ આવી રીતે બનાવી શકો છો.) નીચે મુજબ સ્ક્રીન દેખાશે.





ઉપરના ચિત્ર મુજબ **ADD FILES** પર ક્લિક કરો. નીચે મુજબ ચિત્ર દેખાશે.




જે ફાઈલ અપલોડ કરવા માંગો છો તેના પર ક્લિક કરો. ત્યારબાદ **Open** બટન પર ક્લિક કરો. થોડીવાર પ્રોસેસ થઇ ફાઈલ ગૂગલ પેઈજ (સાઈટ) પર અપલોડ થઇ જશે. નીચેના ચિત્રમાં જુઓ.




ઉપરના ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે ડાઉન એરો પર રાઈટ ક્લિક કરો. તેમાં વિવિધ વિકલ્પોમાંથી પાંચમાં ક્રમે રહેલ **Copy link address** પર ક્લિક કરો. હવે બ્લોગર બ્લોગના ડેશબોર્ડ પર જઈ જે પેઈજ કે પોસ્ટમાં તે મૂકવા માંગો છો તે ખોલો. નીચેનું ચિત્ર જુઓ.





ઉપરના ચિત્ર મુજબ સૌપ્રથમ **Post** નું શીર્ષક લખો. ત્યારબાદ **Post** વિશે લખાણ લખો. લીંક છુપાવવા માટે ડાઉનલોડ કરો એવું લખો. ડાઉનલોડ કરો એવું લખ્યું તેને સિલેક્ટ કરો. ઉપર ફોર્મેટિંગ ટૂલબારમાં **Link** પર ક્લિક કરો. હવે નવું બોક્સ ખુલશે. તેમાં **Web address** સામેના ખાનામાં **Copy link address** પેસ્ટ કરો. તે લીંક નવી વિન્ડોમાં ખુલે અને તમારો બ્લોગ પણ ખુલ્લો રહે તેવું કરવા માટે **Open this link in a new window** આગળ રહેલ ચેક બોક્સ પર ક્લિક કરો. **OK** બટન પર ક્લિક કરો. અંતે પોસ્ટમાં જમણી બાજુ રહેલ **Publish** બટન (ક્રમ : ૮) પર ક્લિક કરો. બ્લોગ જોઈ જુઓ. ફાઈલ અપલોડ થઇ ગઈ હશે.

## [16] બ્લોગમાં લેબલ (વિભાગ) બનાવવા


બ્લોગરમાં લેબલ અને વર્ડપ્રેસમાં કેટેગરી આવે છે. લેબલ એટલે અલગ અલગ વિભાગ. બ્લોગ પર તમે અનેક પ્રકારની વિગત દરરોજ મૂકો છો તો આ વિગત તમને અને યુઝર્સને સહેલાઈથી મળી રહે તે માટે અલગ અલગ લેબલ કે વિભાગ બનાવવા ખૂબજ જરૂરી છે. દા.ત. તમે કોઈ શૈક્ષણિક બ્લોગનું સંચાલન કરો છો બ્લોગ પર તમે વિષયવાર, ધોરણવાર, ગુજરાતી-હિન્દી-અંગ્રેજી-સંસ્કૃત માધ્યમ મુજબ, જનરલ નોલેજ, જાણવા જેવું, સુવિચાર, પ્રાર્થનાઓ વગેરે અનેક પ્રકારની વિગત અપલોડ કરો છો. જો તમે વિભાગ નહિ બનાવ્યા હોય તો આ વિગત શોધવામાં યુઝર્સને ખૂબજ તકલીફ પડશે અને તમે વિભાગ બનાવ્યા હશે તો જે તે વિભાગ પર ક્લિક કરતાની સાથે તે વિભાગમાં મૂકેલ તમામ વિગત આપણે સહેલાઈથી જોઈ શકીશું અથવા મેળવી શકીશું.

સૌપ્રથમ બ્લોગરનું ડેશબોર્ડ ખોલો. **New Post** પર ક્લિક કરો. સૌપ્રથમ પોસ્ટનું શીર્ષક તથા પોસ્ટનું લખાણ લખો. ત્યારબાદ જમણી બાજુ **Post settings** લખેલું હશે તેની પર ક્લિક કરો. તેમાંથી **Labels** પર ક્લિક કરો. જેટલા લેબલ બનાવવા હોય તેના નામ વિચારીને રાખો અથવા જ્યારે જ્યારે તમે નવી પોસ્ટ લખો ત્યારે પણ લેબલનું નામ લખી શકો છો. કોરી જગ્યામાં લેબલનું નામ લખો. અગાઉ જે લેબલ બનાવેલ છે તે નીચે જોવા મળશે તે ફરીથી ન બને તેનું ધ્યાન રાખવું. નીચે **Done** બટન પર ક્લિક કરો. અંતે પોસ્ટના **Publish** બટન પર ક્લિક કરો. (ઉદા. જ્યારે પ્રજ્ઞાના મોડ્યુલ દરરોજ એક એક પોસ્ટ સ્વરૂપે મૂકવામાં આવે ત્યારે અગાઉ બનાવેલ લેબલ જ્યાં દેખાય છે તેમાંથી પ્રજ્ઞા મોડ્યુલ પર ક્લિક કરી **Done** આપવું.) (એક પોસ્ટમાં વધુમાં વધુ ૨૦ લેબલ અને સમગ્ર બ્લોગમાં ૨૦૦૦ લેબલ બની શકે છે.)





લેબલ નામનું **Side bar** (ગેજેટ) બ્લોગમાં ઉમેરવા માટે ડેશબોર્ડમાંથી **Layout** પર ક્લિક કરો. હવે જમણી બાજુ તમને નીચે મુજબ એક સ્ક્રીન દેખાશે.




**Add a Gadget** પર ક્લિક કરો તમને નીચેની સ્ક્રીન દેખાશે.




**Labels** પર ક્લિક કરશો એટલે તમને નીચે મુજબ એક સ્ક્રીન દેખાશે.




ઉપરના ચિત્રમાં **Title** સામેના ખાનામાં શીર્ષક લખો. (ગુજરાતીમાં વિભાગ એવું પણ લખી શકો છો.) **Show** સામેના ખાનામાં **All Labels** પર ક્લિક કરો. **Sorting** સામેના ખાનામાં **Alphabetically** પર ક્લિક કરો. **Display** સામેના ખાનામાં **List** પર ક્લિક કરો. લેબલની જમણી બાજુ કુલ પોસ્ટની સંખ્યા જો જાણવી હોય તો **Show number of posts per label** પર ક્લિક કરો. અંતે **Save** બટન પર ક્લિક કરો. હવે બ્લોગમાં તમને લેબલ જોવા મળશે.

## [17] બ્લોગ પર અનુક્રમણિકા બનાવો

આપણે દરરોજ બ્લોગ પર વિવિધ પોસ્ટ મૂકીએ છીએ. ધીમે ધીમે કરતાં બ્લોગ પર પોસ્ટનો ભરાવો થતો જાય છે. બ્લોગની મુલાકાત લેતા યુઝર્સને જે માહિતી જોઈએ છે તે તેને સરળતાથી મળી રહે તે માટે આ અનુક્રમણિકા ખૂબજ મહત્વની છે. બ્લોગ પર અત્યાર સુધી કેટલી અને કયા કયા પ્રકારની પોસ્ટ મૂકાયેલી

છે તેની માહિતી આ અનુક્રમણિકામાંથી મળી રહે છે. બ્લોગ પર જેટલી પોસ્ટ કરશો તે તમામ લેબલ પ્રમાણે ગોઠવાય જાય છે અને એક સરસ અનુક્રમણિકા આપોઆપ તૈયાર થતી જાય છે. તો ચાલો જોઈએ. સૌપ્રથમ તમારા ડેશબોર્ડ પર જાઓ. **Pages** પર ક્લિક કરો. **New page** પર ક્લિક કરો. પેઈજનું શીર્ષક અનુક્રમણિકા રાખો. શીર્ષક નીચે **Compose** અને **HTML** નામના બે બટન હશે તેમાંથી **HTML** પર ક્લિક કરો. નીચે આપેલ કોડ કોપી કરી ત્યાં પેસ્ટ કરો. અંતે **Publish** બટન પર ક્લિક કરો.

```
<script src="https://googledrive.com/host/0B-P4_Fs3S76ydURacVd6TlJyWW8"
type='text/javascript'></script>

<script src="http://www.omarmik.blogspot.com/feeds/posts/default?max-
results=9999&amp;alt=json-in-script&amp;callback=loadtoc"></script>

<style type="text/css">

.post-archive { width: 100%; padding: 20px 0; text-transform: capitalize; }

.post-archive h4 { border-bottom: 2px solid #EEEEEE; color: #333333; font-size: 20px;
margin: 0 0 10px 2px; padding: 0 0 10px; }

.ct-columns-3 { -moz-column-count: 3; -moz-column-gap: 10px; -moz-column-rule: none; -
webkit-column-count: 3; -webkit-column-gap: 10px; -webkit-column-rule: none; column-
count: 3; column-gap: 10px; column-rule: none;}

.ct-columns-3 p { padding: 5px 0px; -moz-column-break-inside: avoid; -webkit-column-break-
inside: avoid; -o-column-break-inside: avoid; -ms-column-break-inside: avoid; column-break-
inside: avoid; display: inline-block; width: 100%; }

.ct-columns-3 p a { background: #fafafa; color: #333; display: block; border: 1px solid
#FFFFFF; font-size: 14px; line-height: normal; outline: 1px solid #EEEEEE; padding: 10px
15px; -webkit-transition:all .25s ease-in-out; -moz-transition:all .25s ease-in-out; -o-
transition:all .25s ease-in-out; transition:all .25s ease-in-out; }

.ct-columns-3 p a:hover { background: #555; color: #fff; }

@media screen and (max-width: 768px){ .ct-columns-3 { -moz-column-count: 1; -moz-
column-gap: 0px; -moz-column-rule: none; -webkit-column-count: 1; -webkit-column-gap:
0px; -webkit-column-rule: none; column-count: 1; column-gap: 0px; column-rule: none; } }

</style>
```

ત્રીજી લાઈનમાં http://www.omarmik.blogspot.com બ્લોગનું નામ લખેલ છે ત્યાં તમારા બ્લોગનું નામ લખો. (ઉપરની **HTML** માહિતી અહીંથી લીધેલ છે : http://www.blogtipsntricks.com/ આભાર)

## [18] બ્લોગમાંથી પેઈજ Delete કરવા

આપણે આગળ પેઈજ બનાવતા શીખી ગયા છીએ. ઘણીવાર આપણે પેઈજ બનાવીએ છીએ પછી ખ્યાલ આવે છે કે આ પેઇજની કોઈ જરૂર નથી. ક્યારેક એવું પણ બને છે કે આપણે કોઈ પેઈજ બ્લોગ પર મૂકેલ


હોય તે બીજા બ્લોગ કે વેબસાઈટ પરથી કોપી પેસ્ટ કરીને મૂક્યું હોય અથવા કોઈનું કોપીરાઈટ મટીરીયલ – સાહિત્ય મૂક્યું હોય ત્યારે તે પેઈજ આપણે દૂર કરવું પડે છે. ક્યારેક ભૂલમાં ખોટી માહિતી બ્લોગ પર મૂકાઈ જાય ત્યારે પણ તમે પેઈજને **Delete** કરી શકો છો. પેઈજને **Delete** કેવી રીતે કરવા તે આપણે શીખીએ. સૌપ્રથમ ડેશબોર્ડ ખોલો.




ડેશબોર્ડમાં **Pages** પર ક્લિક કરો. તમે જેટલા પેઈજ બનાવેલ હશે તે તમામ પેઈજ દેખાશે. તેમાંથી તમે જે પેઈજ **Delete** કરવા માંગો છો તે પેઈજની આગળ રહેલ ચેક બોક્સ પર ક્લિક કરો. પેઇજના નામ નીચે રહેલ ચાર વિકલ્પ **Edit, View, Share, Delete** દેખાશે. તેમાંથી **Delete** લખેલું છે તેના પર ક્લિક કરો. હવે તમારું પેઈજ તમારા બ્લોગમાંથી સંપૂર્ણપણે **Delete** થઇ ગયું હશે.

## [19] બ્લોગમાંથી પોસ્ટ Delete કરવી

આગળના પ્રકરણમાં પેઈજ **Delete** કરતા શીખી ગયા છીએ. તેની જેમજ પોસ્ટ પણ **Delete** કરી શકીએ છીએ. સૌપ્રથમ ડેશબોર્ડ ખોલો.




ડેશબોર્ડમાં **Posts** પર ક્લિક કરો. તમે જેટલી પોસ્ટ મૂકી હશે તે તમામ પોસ્ટ દેખાશે. તેમાંથી તમે જે પોસ્ટ **Delete** કરવા માંગો છો તે પોસ્ટની આગળ રહેલ ચેક બોક્સ પર ક્લિક કરો. પોસ્ટના નામ નીચે રહેલ ચાર વિકલ્પ **Edit, View, Share, Delete** દેખાશે. તેમાંથી **Delete** લખેલું છે તેના પર ક્લિક કરો. તમને એક સંદેશો પૂછશે **Are you sure you want to delete the selected post(s)?** તેમાં **OK** બટન પર ક્લિક કરો. હવે તમારી પોસ્ટ તમારા બ્લોગમાંથી સંપૂર્ણપણે **Delete** થઇ ગઈ હશે.

## [20] લોગો કે ચિત્ર શીર્ષક તરીકે મૂકવું

આગળ આપણે બ્લોગનું શીર્ષક બનાવતા શીખી ગયા છીએ. આ શીર્ષકની જગ્યાએ બ્લોગનો લોગો કે અન્ય મનગમતું ચિત્ર કેવી રીતે મૂકી શકાય અને તેને બ્લોગ પર અપલોડ કેવી રીતે કરવો તે શીખીએ. સૌપ્રથમ તમારે લોગો બનાવવો પડશે. (તમારી પાસે લોગો કે ચિત્ર તૈયાર હોય તો તે પણ ચાલશે.) ઓનલાઈન લોગો બનાવી આપતી ઘણી બધી વેબસાઈટ છે. જેમાં આપણે આપણી પસંદગી પ્રમાણે લોગો બનાવી શકીએ છીએ. જેમકે ... http://www.flamingtext.in/, http://fsymbols.com/generators/carty/, http://cooltext.com/ કોઈપણ વેબસાઈટ પર જઈ લોગો તૈયાર કરો. તેમાં તમારા બ્લોગનું નામ અથવા શીર્ષકનું નામ દાખલ કરો. યોગ્ય ફોન્ટ, રંગ, સાઈઝ વગેરે પસંદ કરી ડાઉનલોડ કરી તમારા કમ્પ્યૂટરમાં તેને **Save** કરી લો. લોગો બની ગયા પછી તેને આપણે બ્લોગ પર અપલોડ કરવાનો છે તે શીખીએ. તે માટે ડેશબોર્ડમાંથી **Layout** પર ક્લિક કરો. ત્યારબાદ **Header** લખેલું હશે તેમાં જમણી બાજુ નીચે ખૂણામાં **Edit** લખેલું હશે તેની પર ક્લિક કરો. તમને નીચે ડાબી બાજુ રહેલ એક સ્ક્રીન દેખાશે.





ઉપરના ડાબી બાજુ રહેલ ચિત્રમાં **From your computer** આગળ રહેલ ચેક બોક્સ પર ક્લિક કરો. **Choose file** પર ક્લિક કરો. કમ્પ્યૂટરમાં જે જગ્યાએ તમારો લોગો કે ચિત્ર પડેલ છે ત્યાંથી તે પસંદ કરો. **Open** પર ક્લિક કરો. (જો **Choose file** પર ક્લિક કરશો અને પછી કમ્પ્યૂટરમાંથી ચિત્ર કે લોગો પસંદ કરશો તો અને માત્ર તો જ **Open** બટન દેખાશે.) થોડીવાર પ્રોસેસ થઇ તમારો લોગો કે ચિત્ર અપલોડ થઇ જશે. **Instead of title and description** આગળ રહેલ ચેક બોક્સ પર ક્લિક કરો. અંતે Save બટન પર ક્લિક કરો. તમારા બ્લોગ પર જોઈ જુઓ લોગો અપલોડ થઇ ગયો હશે.

## [21] તમારા બ્લોગમાં ચિત્ર કે ફોટોની પોસ્ટ કેવી રીતે મૂકશો


તમે તમારા બ્લોગમાં ચિત્ર પણ મૂકી શકો છો. તે માટે ડેશબોર્ડમાંથી **Posts** પર ક્લિક કરો.





ઉપરની સ્ક્રીનમાં ફોર્મેટિંગ ટૂલબાર દેખાય છે તેમાં દરેક પર કર્સર રાખશો એટલે નામ બતાવશે. તેમાંથી Link ની બાજુમાં રહેલ ટૂલ Insert image માટેનું છે તેના પર ક્લિક કરો. નીચે મુજબ સ્ક્રીન દેખાશે.





ઉપરની સ્ક્રીનમાં દર્શાવ્યા મુજબ **Choose file** પર ક્લિક કરો. નીચે મુજબ સ્ક્રીન દેખાશે.



ઉપરની સ્ક્રીનમાં સૌપ્રથમ તમારા કમ્પ્યુટરમાં પડેલ ચિત્ર સિલેક્ટ કરવા માટે એક નવી સ્ક્રીન ખુલશે. તમારે તમારા કમ્પ્યુટરમાંથી જે ચિત્ર અપલોડ કરવાનું છે તેની પર ક્લિક કરો ત્યારબાદ **Open** બટન પર ક્લિક કરો. હવે ચિત્ર અપલોડ થવાનું શરૂ થશે.





ચિત્ર અપલોડ થઇ ગયા બાદ ચિત્ર પર ક્લિક કરો. ત્યારબાદ Add selected પર ક્લિક કરો. હવે તમારું ચિત્ર પોસ્ટ વિભાગમાં આવી ગયું હશે. નીચેની સ્ક્રીન જુઓ.





જો ચિત્રમાં તમારે એડીટીંગ કરવું હોય તો ચિત્ર પર ક્લિક કરો. તેમાં તમે ચિત્રને નાનું, મોટું કે ઓરીજીનલ સાઇઝ રાખી શકો છો. ચિત્ર ડાબી બાજુ, જમણી બાજુ કે મધ્યમાં ગોઠવી શકો છો. અંતે **Publish** બટન પર ક્લિક કરો એટલે તમારું ચિત્ર તમારા બ્લોગ પર પ્રકાશિત થઇ ગયું હશે. બ્લોગ જોઈ જુઓ.

## [22] યુ-ટ્યુબ પર Video અપલોડ કરી તમારા બ્લોગમાં દર્શાવો.


સૌપ્રથમ યુ-ટ્યુબ ખોલો. તેમાં સૌથી ઉપર **Upload** લખેલું હશે તેની પર ક્લિક કરો અથવા **Sign in** પર ક્લિક કરો. હવે **Gmail** એકાઉન્ટથી **Sign in** થાઓ. તમને નીચે મુજબ એક સ્ક્રીન દેખાશે. ત્યાં પોતાની ચેનલ માટે તમે તમને ગમતા સેટિંગમાં ફેરફાર કરો. જેમકે તમારો ફોટો ઉમેરો વગેરે.




હવે વિડીઓ અપલોડ કરવા માટે તૈયાર થઇ જાવ. તમારા કમ્પ્યુટરમાં વિડીઓ હોવો જરૂરી છે. વિડીઓ અપલોડ કરવા માટે **Upload** બટન પર ક્લિક કરો. તમને નીચે મુજબ એક સ્ક્રીન દેખાશે.





તમારા કમ્પ્યુટરમાંથી વિડીઓ ફાઈલ સિલેક્ટ કરવા માટે **Select files to upload** પર ક્લિક કરો. એક નવું બોક્સ ખુલશે. તમારા કમ્પ્યુટરમાંથી ફાઈલ શોધી તેના પર ક્લિક કરી **Open** બટન પર ક્લિક કરો. વિડીઓ અપલોડ થવા માંડશે. તમને નીચે જેવી એક સ્ક્રીન દેખાશે.




વિડીઓ 100 % અપલોડ થઇ ગયા બાદ તેનું શીર્ષક, તેના વિષે ટૂંકમાં માહિતી, ટેગ લખી શકો છો. (ટેગ એટલે વિડીઓનું જે શીર્ષક હોય અથવા વિષયવસ્તુ હોય તેને લગતા ટૂંકા શબ્દો જેમકે અહીં ગુજરાત કી ખુશ્બુનો વિડીઓ મૂકેલ છે તો તેના ટેગ આવા બનાવી શકાય – ગુજરાત, પ્રવાસન, ખુશ્બુ, વગેરે) અને **VIDEO THUMBNAILS** માં દેખાતા ત્રણમાંથી મનગમતા કોઈપણ એક ચિત્ર પર ક્લિક કરો. અંતે જમણી બાજુ સૌથી ઉપર રહેલ **Publish** બટન પર ક્લિક કરો. તમને નીચે મુજબ ચિત્ર જોવા મળશે.




ઉપરના ચિત્ર મુજબ **Share** બટન પર ક્લિક કરો. ત્યારબાદ તેની નીચે રહેલ કોડ કોપી કરો. તેને પેસ્ટ કરવા માટે તમારા બ્લોગનું ડેશબોર્ડ ખોલો. તેમાંથી **Posts** પર ક્લિક કરો. તેમાંથી ફોર્મેટિંગ ટૂલબારમાંથી **Insert a video** પર ક્લિક કરો. તમને નીચે મુજબ ચિત્ર જોવા મળશે.




ઉપરના ચિત્રમાં **From YouTube** પર ક્લિક કરો. ત્યારબાદ જે કોડ કોપી કરીને રાખેલ છે તેને ખાનામાં પેસ્ટ કરો. ખાનાની બાજુમાં રહેલ બિલોરી કાચના નિશાન પર ક્લિક કરો. સર્ચ થઈને વિડીઓ આવશે. તે વિડીઓ પર ક્લિક કરો. અંતે **Select** બટન પર ક્લિક કરો. તમને નીચે મુજબ ચિત્ર જોવા મળશે.





ઉપરના ચિત્રમાં પોસ્ટનું શીર્ષક લખો. ત્યારબાદ પોસ્ટ વિષયક લખાણ લખી શકો છો. અંતે **Publish** બટન પર ક્લિક કરો. હવે તમારો વિડીઓ બ્લોગ પર જોવા મળશે જોઈ જુઓ.

## [23] પોસ્ટમાં લીંક કેવી રીતે મૂકવી

તમે જે પોસ્ટ બનાવી રહ્યા છો તેમાં તમારે કોઈ લીંક મૂકવી છે ? જેમકે વિષયવસ્તુને લગતા પોતાના જ બ્લોગના અન્ય પેજ, અન્ય પોસ્ટ, પોતાની નહીં પણ બીજા વ્યક્તિની વિષયવસ્તુ સંબંધિત વેબસાઈટ કે અન્ય બ્લોગની લીંક તો તે તમે મૂકી શકો છો. કોઈ શબ્દ, નામ, પંક્તિ, ચિત્ર કે ફોટો પાછળ, અહીં ક્લિક કરો, ડાઉનલોડ કરો જેવું લખાણ લખીને તમે લીંકને છુપાવી શકો છો. દા.ત. <u>શબ્દપ્રીત</u> નામના શબ્દની પાછળ **<u>http://omarmik.blogspot.in/</u>** નામની લીંક મૂકવી છે. તો નીચે પ્રમાણે સ્ટેપ અનુસરો. સૌપ્રથમ ડેશબોર્ડમાંથી **Posts** પર ક્લિક કરો. ત્યારબાદ **New post** પર ક્લિક કરો. તમને નીચે મુજબ સ્ક્રીન દેખાશે.





તમારી પોસ્ટમાં શબ્દપ્રીત શબ્દ લખો. તેને સિલેક્ટ કરી લો. ત્યારબાદ **Link** પર ક્લિક કરો. એક નવી નાની વિન્ડો ખુલશે. નીચેનું ચિત્ર જુઓ




ઉપરના ચિત્રમાં **Web address** સામેના ખાનામાં લીંક **http://omarmik.blogspot.in/** પેસ્ટ કરો. તે લીંક નવી વિન્ડોમાં ખુલે અને તમારો બ્લોગ પણ ખુલ્લો રહે તેવું કરવા માટે **Open this link in a new window** આગળ રહેલ ચેક બોક્સ પર ક્લિક કરો. **OK** બટન પર ક્લિક કરો. હવે તમારી પોસ્ટમાં લીંક ઉમેરાઈ ગઈ છે. અંતે પોસ્ટમાં જમણી બાજુ રહેલ **Publish** બટન પર ક્લિક કરો.

## [24] કોમેન્ટ જોવી અથવા Delete કરવી


તમે તમારા બ્લોગ પર દરરોજ અથવા સમયાંતરે પોસ્ટ કે અપડેટ મૂકતા રહો છો. જેમ જેમ તમારા બ્લોગની જાણ બીજા લોકોને થાય તેમ તેમ તે લોકો તમારા બ્લોગની મુલાકાત લેતા થાય છે. મુલાકાતીઓને બ્લોગ પરની માહિતી ગમે કે ન ગમે તે તેમનો હકારાત્મક કે નકારાત્મક પ્રતિભાવ પણ ઘણીવાર આપતા હોય છે. તેમના સલાહ-સૂચનો ઘણી વખત કીમતી હોય છે. ઘણા મુલાકાતીઓ અભદ્ર ભાષા પ્રયોગ કરીને કોમેન્ટ લખતા હોય છે. જે બ્લોગ પર દેખાય તે હિતાવહ નથી. તેને કાયમ માટે તમારા ડેશબોર્ડમાંથી પણ **Delete** કરી શકો છો. સૌપ્રથમ ડેશબોર્ડ ખોલો.




ઉપરના ડેશબોર્ડના ચિત્ર મુજબ **Comments** પર ક્લિક કરો. તમે જ્યારથી બ્લોગ ચાલુ કર્યો હોય ત્યારથી અત્યાર સુધીની તમામ કોમેન્ટ તમને જોવા મળશે. આ તમામ કોમેન્ટ તમે વાંચી શકો છો અને યોગ્ય ન લાગે તેવી કોમેન્ટને **Delete** પણ કરી શકો છો. **Delete** કરવા માટે કોમેન્ટ આગળ રહેલ ચેક બોક્સ પર ક્લિક કરો. ત્યારબાદ કોમેન્ટ નીચે રહેલ ત્રણ વિકલ્પ **Remove content, Delete, Spam** માંથી **Delete** પર ક્લિક કરો. હવે કોમેન્ટ **Delete** થઇ ગઈ હશે. જોઈ જુઓ. તમામ કોમેન્ટ એક સાથે **Delete** કરવા માટે **New post** અને **Remove content** ની વચ્ચે રહેલ ચેક બોક્સ પર ક્લિક કરો. એક સાથે તમામ કોમેન્ટ સિલેક્ટ થઇ જશે. હવે **Delete** બટન પર ક્લિક કરો. તમામ કોમેન્ટ એક સાથે **Delete** થઇ જશે.

## [25] સંપર્ક ફોર્મ બનાવવું


બ્લોગ બનાવ્યા બાદ અનેક મુલાકાતીઓ તમારા બ્લોગની મુલાકાત લેતા હોય છે. તેમનાં મનમાં ઊભા થતાં પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે તેવો ઘણીવાર કોમેન્ટ બોક્સમાં તમને પ્રશ્નો પૂછતાં હોય છે. કોમેન્ટ બોક્સમાં બધા પ્રશ્નોના જવાબ આપવા યોગ્ય નથી. પરંતુ જો સંપર્ક ફોર્મ બનાવેલું હોય તો મુલાકાતીને ગમે તેવા પ્રકારની મદદની જરૂર હોય તો તે તમને પ્રશ્ન પૂછી શકે છે અને તમે તેનો ઈમેઈલથી વળતો જવાબ આપી શકો છો. તો ચાલો જોઈએ સંપર્ક ફોર્મ કેવી રીતે બનાવી શકાય. સૌપ્રથમ ડેશબોર્ડ ખોલો. તેમાં **Layout** પર ક્લિક કરો. જમણી બાજુ રહેલ **sidebar** માં **Add a Gadget** પર ક્લિક કરો.





**Add a Gadget** પર ક્લિક કરશો એટલે નીચે મુજબ સ્ક્રીન દેખાશે.



ઉપરના ચિત્ર મુજબ સૌપ્રથમ **More Gadgets** પર ક્લિક કરો. તેમાંથી **Contact Form** શોધો. હવે **Contact Form** પર અથવા + ની નિશાની પર ક્લિક કરો. તમને નીચે મુજબ સ્ક્રીન દેખાશે.




ઉપરના ચિત્ર મુજબ **Title** સામેના ખાનામાં **Contact Form** અથવા સંપર્ક ફોર્મ એવું શીર્ષક આપો. ત્યારબાદ **Save** બટન પર ક્લિક કરો. હવે બ્લોગ પર જોઈ જુઓ નીચે મુજબ ચિત્ર જોવા મળશે.





બ્લોગની મુલાકાત લેતા કોઈપણ મુલાકાતી હવે તમારો સંપર્ક આ સંપર્ક ફોર્મ દ્વારા કરી શકે છે. તેને ઉપરના ચિત્રમાં દર્શાવેલ માહિતી ભરવી પડશે ત્યારબાદ **Send** બટન પર ક્લિક કરશે એટલે તમને તમારા **Gmail** માં આ પ્રશ્ન દેખાશે. તમે વળતો **Mail** કરી જવાબ આપી શકો છો.


## [26] અન્ય મિત્રને Admin કે Author તરીકે આમંત્રણ આપો

આપણે આપણા બ્લોગનું સંચાલન તથા લેખન કાર્ય કરીએ છીએ. પરંતુ તમારા અન્ય મિત્રને તમે તમારા બ્લોગમાં યોગદાન આપવા માટે **Admin** કે **Author** તરીકે આમંત્રણ આપી શકો છો. એટલે કે તમે બંને લોકો આ બ્લોગ પર એક સાથે કામ કરી શકો છો.(ખાસ વાત : તમે જેને આમંત્રણ આપો

છો તે તમારો વિશ્વાસુ માણસ હોવો જોઈએ. તમને પૂછ્યા વગર કોઈપણ પોસ્ટમાં ફેરફાર ન કરે તે વાત પહેલા કરી લેવી જોઈએ.) અન્ય મિત્રને **Admin** કે **Author** તરીકે આમંત્રણ આપવા માટે સૌપ્રથમ ડેશબોર્ડ ખોલો. તેમાં **Settings** પર ક્લિક કરો. તેમાં સૌથી પહેલું **Basic** ખૂલશે. હવે **Blog Authors** ની વિગત નીચે **+ Add authors** લખેલું હશે તેની પર ક્લિક કરો.





**+ Add authors** પર ક્લિક કરશો એટલે નવું બોક્સ ખૂલશે. તેમાં તમે જે મિત્રને આમંત્રણ આપવા માંગો છો તેનું **Email ID** લખો. (વધુમાં વધુ ૧૦૦ મિત્રોને આમંત્રણ આપી શકાય છે.) જો યાદ ન હોય તો **Choose from Contacts** પર ક્લિક કરો.નીચે મુજબ એક સ્ક્રીન ખૂલશે.





તેમાંથી જેને આમંત્રણ આપવા માંગો છો તેની આગળ રહેલા ચેક બોક્સ પર ક્લિક કરો. ત્યારબાદ **Select** બટન પર ક્લિક કરો. હવે કેસરી કલરવાળા **Invite authors** બટન પર ક્લિક કરો. તમને નીચે મુજબ સ્ક્રીન જોવા મળશે.





અહીં તમને તમારા મિત્રનું **Email ID** જોવા મળશે. (જો ભૂલમાં અન્યને આમંત્રણ અપાઈ જાય તો ચોકડીની નિશાની પર ક્લિક કરી આમંત્રણ રદ પણ કરી શકો છો.) આ **Email ID** પર તમારા મિત્રને એક સંદેશો પ્રાપ્ત થશે. તેને જાણ કરી દો કે ઈમેઈલ ચેક કરી લે. તે જ્યારે ઈમેઈલ ચેક કરશે ત્યારે ઈનબોક્સમાં નીચે મુજબ સંદેશો આવેલો હશે.





ઈનબોક્સમાં આવેલા સંદેશા પર ક્લિક કરશે એટલે પૂરેપૂરો સંદેશો વાંચવા મળશે. આ સંદેશો નીચે મુજબ હશે.





સંદેશો વાંચીને આમંત્રણ સ્વીકારો નામના કેસરી બટન પર ક્લિક કરશે એટલે નીચે મુજબની એક સ્કીન આવશે.




ઉપર મુજબની માહિતી તમારા મિત્રને વાંચવા મળશે કે આમંત્રણ આપનાર કોણ છે. તેના બ્લોગનું નામ શુ છે વગેરે. ત્યારબાદ **Accept Invitation** પર ક્લિક કરશે. હવે તમારા મિત્રના બ્લોગર હોમ પર એક એનો પોતાનો બ્લોગ અને એક તમારો બ્લોગ બંને દેખાશે. નીચેનું ચિત્ર જુઓ.





તમારા બ્લોગ ડેશબોર્ડના સેટિંગમાં જઈ હવે તમે તમારા મિત્રને **Admin** કે **Author** શું બનાવવા માંગો છો તે નક્કી કરો. નીચેનું ચિત્ર જુઓ.



નક્કી કર્યા બાદ **Admin** કે **Author** કોઈ એક પર ક્લિક કરો. (જો **Admin** બનાવવા માંગતા હોય તો તમે બ્લોગમાં જેટલું અને જેવું કામ કરો છો તે તમામ કામ તમારો મિત્ર પણ કરી શકશે અને જો **Author** બનાવવા માંગતા હોય તો તમારો મિત્ર ફક્ત અને ફક્ત પોસ્ટ મૂકી શકશે. પોસ્ટના લખાણમાં ફેરફાર કરી શકશે. તે તમે મૂકેલી પોસ્ટ **Delete** કરી શકશે નહિ. પોતે મૂકેલી પોસ્ટને **Delete** કરી શકે છે. જો મિત્ર પૂરેપૂરો વિશ્વાસપાત્ર હોય તો **Admin** બનાવો અન્યથા તમારા મિત્રને **Author** તરીકે આમંત્રણ આપો.)

## [27] બ્લોગમાં જૂની પોસ્ટ શોધી ફેરફાર કરી અપડેટ કરો


જો તમે બ્લોગ પર દરરોજ તાજી માહિતી, જનરલ નોલેજની પ્રશ્નોત્તરી વગેરે અપડેટ કરતાં હશો એટલે કે રોજેરોજ પોસ્ટ મૂકતાં હશો તો થોડાં સમય પછી એ માહિતીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થાય અથવા આપણે જ્યારે માહિતી મૂકી હોય ત્યારે તે ભૂલ ભરેલી હોય અને ઘણાં સમય પછી સાચો ખ્યાલ આવે ત્યારે તમારે જૂની પોસ્ટ શોધવી પડે છે અને તેમાં એડીટીંગ કરી નવેસરથી અપડેટ કરવી પડે છે. (ક્યારેક બ્લોગર મિત્રો પણ તમારું ધ્યાન દોરશે કે તમારા બ્લોગ પર જૂની માહિતી છે તે સુધારો) સૌપ્રથમ ડેશબોર્ડ ખોલો. તેમાં **Posts** પર ક્લિક કરો. નીચે મુજબ એક સ્ક્રીન દેખાશે.




ઉપરના ચિત્ર મુજબ સૌપ્રથમ **All labels** પર ક્લિક કરો. તેમાંથી જે લેબલ પ્રમાણેની પોસ્ટ શોધવાની હોય તે લેબલ પર ક્લિક કરો. (દા.ત. વ્યાકરણ નામનું લેબલ પસંદ કરશો તો વ્યાકરણની તમામ પોસ્ટ આવી જશે.) હવે જે તે લેબલ પ્રમાણેની તમામ પોસ્ટ દેખાશે. તેમાંથી પોસ્ટ શોધી તેમાં એડીટીંગ કે સુધારા વધારા કરી પોસ્ટને અપડેટ કરો.

## [28] હોમ પેઈજ પર કેટલી પોસ્ટ રાખશો ?

બ્લોગરમાં હોમ પેઈજમાં કેટલી પોસ્ટ રાખવી તે તમે નક્કી કરી શકો છો. તેના માટે સૌપ્રથમ ડેશબોર્ડ ખોલો. **Layout** પર ક્લિક કરો. તમને નીચે મુજબ ચિત્ર જોવા મળશે.





**Edit** પર ક્લિક કરો. તમને નીચે મુજબ સ્કીન જોવા મળશે.




**Number of posts on main page** સામેના ખાનામાં તમે જેટલી પોસ્ટ રાખવા માંગો છો તેની સંખ્યા લખો. (ઓછામાં ઓછી ૧ અને વધુમાં વધુ એક સાથે ૫૦૦ પોસ્ટ સુધી દેખાશે. ૫૦૧ પોસ્ટ લખશો તો સ્વીકારશે નહિ) તેમાં સૌથી નીચે **Save** બટન પર ક્લિક કરો. (બ્લોગના હોમ પેઈજ પર તમે જેટલી સંખ્યા લખશો તેટલી પોસ્ટ દેખાશે.)

## [29] બ્લોગર પોસ્ટ એડિટર ફોર્મેટિંગ ટૂલબારની સમજ


બ્લોગમાં પોસ્ટ તેમજ પેઈજમાં માહિતી દાખલ કરતી વખતે તમને લખાણ પર ફોર્મેટિંગ કરવા માટે ફોર્મેટિંગ ટૂલબારની જરૂર પડે છે. ફોર્મેટિંગ ટૂલબારનું ચિત્ર નીચે મુજબ છે.




ઉપરના ચિત્રમાં ફોર્મેટિંગ ટૂલબારની સમજ મેળવીએ. ડાબેથી જમણી તરફ જતા જાવ. સૌપ્રથમ આવશે - Undo, Redo, Font, Font size, Headings, Bold, Italic, Underline, Strikethrough, Font color, Background color, Link, Image, Video, Jumpbreak, Justify text, Ordered (numbered) list, Unordered (bullet) list, Blockquote, Spell check, Transliterate words typed phonetically in English script, Left-to-right, Right-to-Left જરૂરી ફોર્મેટિંગ મુજબ તેનો ઉપયોગ કરી શકાય છે.

## [30] નિર્ધારિત સમય અને તારીખ પ્રમાણે પોસ્ટ પ્રકાશિત કરો.

બ્લોગમાં આપણે રોજ પોસ્ટ મૂકતાં હોય અને એક દિવસ બહારગામ જવાનું થાય અથવા કોઈ તકલીફ આવીને ઊભી રહે તો તે દિવસની પોસ્ટ કેવી રીતે મૂકવી. એવો પ્રશ્ન ઘણીવાર આપણી સામે આવતો હોય છે. તો તેનો પણ ઉકેલ છે. અગાઉથી નિર્ધારિત સમય અને તારીખ સેટ કરીને રાખવાની. તમે જે સમય અને તારીખ સેટ કર્યા હશે તે સમય અને તારીખે પોસ્ટ પ્રકાશિત થઇ જશે. ડેશબોર્ડમાંથી **Posts** પર ક્લિક કરો. ત્યારબાદ **New post** પર ક્લિક કરો. તેમાં જમણી બાજુ આવેલ **Post settings** પર ક્લિક કરો. તેમાં **Schedule** પર ક્લિક કરો.








**Schedule** પર ક્લિક કરો. ત્યારબાદ **Set date and time** પર ક્લિક કરો. હવે જે દિવસે તમે બહારગામ જવાના હોય અથવા તમે પોસ્ટ મૂકી શકો તેમ ન હોય તે દિવસનો સમય અને તારીખ બંને સેટ કરો. અંતે **Done** બટન પર ક્લિક કરો. હવે તમારી તે પોસ્ટ **Schedule** તરીકે જે તે સમય અને તારીખ સુધી રહેશે. સેટ કરેલ સમયે બ્લોગ પર આપોઆપ પ્રકાશિત થશે. (બ્લોગનો ઓનલાઈન સમય અને આપણા સમયમાં ઘણો ફેરફાર હોય છે તે જોઈ લેવું.)

## [31] પોસ્ટમાં જમ્પ બ્રેક ઉમેરો


કોઈપણ પોસ્ટ મૂકીએ ત્યારે જો તે ખૂબ જ લાંબા લખાણવાળી હોય તો તેમાં જમ્પ બ્રેક ઉમેરી શકાય. તેના માટે સૌપ્રથમ ડેશબોર્ડ ખોલો. **Posts** પર ક્લિક કરો. **New post** પર ક્લિક કરો.





ઉપરના ચિત્રમાં દર્શાવ્યા મુજબ પોસ્ટનું શીર્ષક લખો. પોસ્ટનું લખાણ લખો. જ્યાંથી જમ્પ બ્રેક ઉમેરવાનો છે ત્યાં કર્સર રાખો. ફોર્મેટિંગ ટૂલબારમાંથી **Insert Jump Break** પર ક્લિક કરો.અંતે **Publish** બટન પર ક્લિક કરો. (બ્લોગ ખોલીને જોઈ જુઓ. જ્યાં કર્સર રાખીને જમ્પ બ્રેક ઉમેરેલ છે ત્યાં **Read More** એવું લખેલું આવશે. **Read More** પર ક્લિક કરશો એટલે પૂરેપૂરો લેખ વાંચવા મળશે.)

## [32] Layout બદલાવો

સૌપ્રથમ ડેશબોર્ડ ખોલો. **Template** પર ક્લિક કરો. નીચે મુજબ ચિત્ર જોવા મળશે.




તેમાં **Customize** પર ક્લિક કરો. તમને નીચે મુજબ ચિત્ર જોવા મળશે.





**Layout** પર ક્લિક કરો. **Body layout** માંથી કોઈપણ એક પસંદ કરો. **Footer layout** માંથી કોઇપણ એક પસંદ કરો. અંતે **Apply to Blog** પર ક્લિક કરો. (તમે પસંદ કરેલ **Layout** પ્રમાણે તમારો બ્લોગ બદલાઈ ગયો હશે જોઈ જુઓ.)


## [33] બ્લોગ પરથી Facebook પર લીંક Share કરો

તમારા બ્લોગમાં સૌથી ઉપર **Navbar** દેખાતી હશે. (પ્રકરણ ૧૧ માં **Navbar** વિશે વાત કરેલ છે. જેમ **Navbar** બંધ કરેલ છે તે જ રીતે **Off** પરથી ક્લિક હટાવીને ચાલુ કરી શકાય છે.) તેમાં **More** ની બાજુમાં ડાઉન એરો છે તેની પર ક્લિક કરો. તમને નીચે જેવું ચિત્ર દેખાશે.





ઉપરના ચિત્ર મુજબ **Share with Facebook** પર ક્લિક કરો. તમને નીચે મુજબ ચિત્ર દેખાશે.



ઉપરના ચિત્ર મુજબ **Email or Phone** સામેના ખાનામાં **Facebook** યુઝરનેઈમ લખો. **Password** સામેના ખાનામાં **Facebook** નો પાસવર્ડ લખો. અંતે **Log In** પર ક્લિક કરો. તમને નીચેનું ચિત્ર જોવા મળશે.





ઉપરના ચિત્ર મુજબ **Share Link** પર ક્લિક કરો. હવે તમારા **Facebook Timeline** પર જઈ ચેક કરી જુઓ. આ લીંક **Share** થઇ ગઈ હશે.

## [34] ગૂગલ ફોર્મ દ્વારા માહિતી એકત્ર કરો


બ્લોગ દ્વારા આપણે માહિતી એકત્ર કરી શકીએ છીએ. સૌપ્રથમ ગૂગલનું હોમપેઈજ ખોલો. તેમાં **google form** એવું લખીને સર્ચ કરો. તમને આ મુજબ એક વેબસાઈટ મળશે તેના પર ક્લિક કરો. https://www.google.co.in/forms/about/ તમને નીચે મુજબનું એક ચિત્ર જોવા મળશે.





ઉપર મુજબ **Google** ફોર્મ્સ પર જાઓ પર ક્લિક કરો. તમને નીચે મુજબ એક ચિત્ર જોવા મળશે.




**Get started** પર ક્લિક કરો. તમને નીચે મુજબ એક ચિત્ર જોવા મળશે.




ઉપરના ચિત્ર મુજબ **Untitled form** પર ક્લિક કરી તેની જગ્યાએ આપણે જેવી માહિતી એકત્ર કરવા માંગીએ છીએ તેનું યોગ્ય શીર્ષક લખો. **Form Description** પર ક્લિક કરી તેની જગ્યાએ આ માહિતી શા માટે એકત્ર કરવામાં આવે છે તેના વિશે ટૂંકમાં લખાણ લખો. **Question Title** સામેના ખાનામાં પ્રશ્ન લખો. (પ્રશ્નની યાદી અગાઉથી તૈયાર કરીને રાખી હોય તો વધુ સારું.) **Question Type** સામેના ખાનામાં ડાઉન એરો પર ક્લિક કરી પ્રશ્નનો પ્રકાર નક્કી કરો. અંતે **Done** પર ક્લિક કરો. ફરીથી બીજો પ્રશ્ન લખવા માટે **Add item** પર ક્લિક કરો. (આમ, જેટલા પ્રશ્ન વિશે માહિતી એકત્ર કરવા માંગતા હોય તેટલા પ્રશ્નો **Add item** પર ક્લિક કરતા જાવ અને લખતા જાવ.) પેઈજના અંતે **Send form** પર ક્લિક કરો. નીચે મુજબ ચિત્ર જોવા મળશે.




ઉપરના ચિત્ર મુજબ **Embed** પર ક્લિક કરો. નીચે મુજબ ચિત્ર જોવા મળશે.




ઉપરના ચિત્ર મુજબ **HTML** કોડ કોપી કરી તમારા બ્લોગમાં નવું પેઈજ બનાવી તેમાં **Compose** અને **HTML** વિભાગમાંથી **HTML** પર ક્લિક કરી તેમાં જો અન્ય **HTML** કોડ હોય તો દૂર કરી પેસ્ટ કરો. અંતે પેઈજ **Publish** કરો. હવે તમારા બ્લોગનું તે પેઈજ જોઈ જુઓ ફોર્મ તૈયાર હશે.

## [35] બ્લોગ Delete કરવો

તમે તમારા બ્લોગને **Delete** પણ કરી શકો છો. સૌપ્રથમ ડેશબોર્ડ ખોલો. તેમાં **Settings** પર ક્લિક કરો. તેમાં **Other** પર ક્લિક કરો. હવે **Blog tools** માં ત્રણ વિકલ્પો હશે. **Import blog, Export blog, Delete blog** તેમાંથી **Delete blog** પર ક્લિક કરો. તમને નીચે મુજબ એક ચિત્ર દેખાશે.




ઉપરના ચિત્ર મુજબ **Delete This Blog** પર ક્લિક કરો. હવે તમારો બ્લોગ **Delete** થઈ ગયો હશે. તમને નીચે મુજબ ચિત્ર દેખાશે.




ઉપરના ચિત્ર મુજબ બ્લોગને પુનઃ સ્થાપિત કરવા માટે **Undelete** પર ક્લિક કરો. તમારો બ્લોગ પાછો આવી જશે. (૯૦ દિવસ સુધીમાં પાછો આવી શકે છે.)

## [36] Blogger ની મર્યાદાઓ

(૧) એક એકાઉન્ટથી વધુમાં વધુ **100** બ્લોગ બનાવી શકાય છે.

(૨) એક બ્લોગમાં **1 GB** સુધી ચિત્રો અપલોડ કરી શકો છો.

(૩) મોબાઈલથી ચિત્ર અપલોડ કરો તો **250 KB** સુધીના ચિત્રો અપલોડ કરી શકશો.

(૪) એક બ્લોગમાં **100** મિત્રોને **Author** તરીકે આમંત્રણ આપી શકાય છે.

(૫) એક પોસ્ટમાં 20 લેબલ અને સમગ્ર બ્લોગમાં 2000 યુનિક લેબલ બનાવી શકાય છે.


(૬) **Blog Description 500** અક્ષરની મર્યાદામાં લખી શકો છો.

(૭) **"About Me" Profile Information** વધારેમાં વધારે 1200 અક્ષરની મર્યાદામાં લખી શકો છો.


(૮) બ્લોગરમાં **PDF, Word, Excel, PowerPoint Presentation, MP3** ફાઈલ અન્ય વેબહોસ્ટિંગ સાઈટ પર અપલોડ કરવી પડે છે.

## [37] ડ્રોપડાઉન મેનુબાર બનાવવું

અગાઉ આપણે મેનુબાર બનાવતા શીખી ગયા છીએ. આ પ્રકરણમાં ડ્રોપડાઉન મેનુબાર કેવી રીતે બનાવી શકાય તે જોઈએ. ડ્રોપડાઉન મેનુબાર બનાવવું તે થોડી ધીરજ અને કાળજી માંગી લે તેવું કામ છે. કોઈપણ પ્રકારની ઉતાવળ કર્યા વગર શાંતિથી સ્ટેપ પ્રમાણે કાર્ય કરશો તો ચોક્કસ સફળતા મળશે. સૌપ્રથમ ડેશબોર્ડ ખોલો. Layout પર ક્લિક કરો. તમને નીચે મુજબ ચિત્ર જોવા મળશે.




ઉપરના ચિત્ર મુજબ **Add a Gadget** પર ક્લિક કરો. તમને નીચે મુજબ ચિત્ર જોવા મળશે.




**HTML/JavaScript** પર ક્લિક કરો. તમને નીચે મુજબ ચિત્ર જોવા મળશે.





ઉપરના ચિત્રમાં **Content** ના ખાનામાં નીચે આપેલ **HTML** કોડ પેસ્ટ કરો. અંતે Save બટન પર ક્લિક કરો.

```
<div id='mbtnavbar'>
  <ul id='mbtnav'>
    <li>
      <a href='#'>Home</a>
    </li>
    <li>
      <a href='#'>About</a>
    </li>
    <li>
      <a href='#'>Contact</a>
    </li>
  <li>
      <a href='#'>Sitemap</a>
      <ul>
        <li><a href='#'>Sub Page #1</a></li>
        <li><a href='#'>Sub Page #2</a></li>
        <li><a href='#'>Sub Page #3</a></li>
      </ul>
    </li>
<li>
      <a href='#'>Tab Name</a>
    </li>
  </ul>
</div>
```


Home, About, Contact, Sitemap, Tab Name જ્યાં લખેલ છે ત્યાં તમારે પેઈજના જે નામ રાખવા હોય તે લખો. '#' નું નિશાન છે ત્યાં તમારા પેઈજની લીંક મૂકો.

Sub Page #1, Sub Page #2, Sub Page #3 લખેલ છે ત્યાં તમે રાખવા માંગતા સબ પેઈજના નામ લખો. તેની આગળ '#' નું નિશાન છે ત્યાં તમારા પેઈજની લીંક મૂકો. સુધારા વધારા કર્યા બાદ અંતે Save બટન પર ક્લિક કરવાનું ભૂલતા નહિ. – ભરત ચૌહાણ

હવે ડેશબોર્ડમાં પાછા ફરીને Template પર ક્લિક કરો. તમને નીચે મુજબ એક ચિત્ર જોવા મળશે.




ઉપરના ચિત્ર મુજબ **Edit HTML** પર ક્લિક કરો. તમને નીચે મુજબ એક ચિત્ર જોવા મળશે.




ઉપરનું ચિત્ર ખૂલે પછી **HTML** લખાણવાળા કોઈપણ ભાગમાં કર્સર રાખી ક્લિક કરી **Ctrl + F** કી દબાવો. હવે **Search** ની સુવિધા જમણી બાજુ ઉપરના ખૂણામાં આવી જશે. તેમાં ]]></b:skin> લખી **Enter** કી દબાવો. સમગ્ર **HTML** લખાણમાંથી એવું લખાણ જ્યાં હશે તે લખાણ સિલેક્ટ થયેલું દેખાશે. તેની ઉપર રહેલ } છગડિયો કૌંસની નિશાની પછી કર્સર રાખી **Enter** કી દબાવો. હવે નીચેનું **HTML** લખાણ કોપી કરી ત્યાં પેસ્ટ કરો. અંતે **Save template** પર ક્લિક કરો. તમારું ડ્રોપડાઉન મેનુ હવે તૈયાર છે.

```
/*----- MBT Drop Down Menu ----*/
#mbtnavbar {
   background: #060505;
   width: 960px;
   color: #FFF;
      margin: 0px;
      padding: 0;
      position: relative;
      border-top:0px solid #960100;
      height:35px;
}

#mbtnav {
   margin: 0;
   padding: 0;
}
#mbtnav ul {
   float: left;
   list-style: none;
   margin: 0;
   padding: 0;
```

```
}
#mbtnav li {
    list-style: none;
    margin: 0;
    padding: 0;
        border-left:1px solid #333;
        border-right:1px solid #333;
        height:35px;
}
#mbtnav li a, #mbtnav li a:link, #mbtnav li a:visited {
    color: #FFF;
    display: block;
   font:normal 12px Helvetica, sans-serif;    margin: 0;
    padding: 9px 12px 10px 12px;
        text-decoration: none;

}
#mbtnav li a:hover, #mbtnav li a:active {
    background: #BF0100;
    color: #FFF;
    display: block;
    text-decoration: none;
        margin: 0;
    padding: 9px 12px 10px 12px;

}
#mbtnav li {
    float: left;
    padding: 0;
}
#mbtnav li ul {
    z-index: 9999;
    position: absolute;
    left: -999em;
    height: auto;
    width: 160px;
    margin: 0;
    padding: 0;
}
#mbtnav li ul a {
    width: 140px;
}
#mbtnav li ul ul {
    margin: -25px 0 0 161px;
}
#mbtnav li:hover ul ul, #mbtnav li:hover ul ul ul, #mbtnav li.sfhover ul ul,
```

```
#mbtnav li.sfhover ul ul ul {
   left: -999em;
}
#mbtnav li:hover ul, #mbtnav li li:hover ul, #mbtnav li li li:hover ul, #mbtnav
li.sfhover ul, #mbtnav li li.sfhover ul, #mbtnav li li li.sfhover ul {
   left: auto;
}
#mbtnav li:hover, #mbtnav li.sfhover {
   position: static;
}
#mbtnav li li a, #mbtnav li li a:link, #mbtnav li li a:visited {
   background: #BF0100;
   width: 120px;
   color: #FFF;
   display: block;
   font:normal 12px Helvetica, sans-serif;
   margin: 0;
   padding: 9px 12px 10px 12px;
      text-decoration: none;
z-index:9999;
border-bottom:1px dotted #333;

}
#mbtnav li li a:hover, #mbtnavli li a:active {
   background: #060505;
   color: #FFF;
   display: block;    margin: 0;
   padding: 9px 12px 10px 12px;
      text-decoration: none;
}
```

## [38] અન્ય વેબસાઈટ પરથી MP3 ગીતો કેવી રીતે ડાઉનલોડ કરશો ?


જે વેબસાઈટ પર **MP3** ગીત ડાઉનલોડ કરવાની સુવિધા ન હોય અને ફક્ત સાંભળવાની જ સુવિધા હોય તેવી વેબસાઈટ પરથી **MP3** ગીત ડાઉનલોડ કરવા માટે **Internet download manager** નામનું સોફ્ટવેર ડાઉનલોડ કરો. http://www.internetdownloadmanager.com/download.html આ લીંક પર ક્લિક કરી સોફ્ટવેર ડાઉનલોડ કરી તેને તમારા કમ્પ્યૂટરમાં ઇન્સ્ટોલ કરી દો. હવે જે વેબસાઈટ પરથી તમારે **MP3** ગીત ડાઉનલોડ કરવા હોય તે વેબસાઈટ ચાલુ કરો તેમાંથી મનગમતું **MP3** ગીત પસંદ કરો. તમને નીચે જેવું એક ચિત્ર દેખાશે. તેના જમણી બાજુના એરો પર ક્લિક કરો



કોઈપણ MP3 ગીતના જમણી બાજુના એરો પર ક્લિક કરશો એટલે તમને ડાઉનલોડ માટે કમ્પ્યૂટર સ્ક્રીન પર નીચે જેવું ચિત્ર દેખાશે




તેના પર ક્લિક કરો એટલે નીચે જેવું ચિત્ર દેખાશે





તેમાં વચ્ચે રહેલ **Start Download** બટન પર ક્લિક કરો હવે MP3 ગીત ડાઉનલોડ થશે.


## [39] યુ-ટ્યુબમાંથી Video કેવી રીતે ડાઉનલોડ કરશો. ?

### રીત-1. KEEPVID

http://keepvid.com/ નામની વેબસાઈટ ખોલો, તેમા એક બોક્સ જોવા મળશે. નીચેના ચિત્ર પ્રમાણે




તેમા યુ-ટ્યુબનો જે **Video** ડાઉનલોડ કરવો હોય તેનું **URL** કોપી કરી પેસ્ટ કરો અને **DOWNLOAD** બટન પર ક્લિક કરો. ત્યાર બાદ નીચેના વિકલ્પો જોવા મળશે.





ઉપરના ચિત્રમાં તમને અનેક પ્રકારની **Video** ફાઈલના પ્રકાર જોવા મળે છે. તેમાંથી તમારે **Video** નો જે પ્રકાર જોઈએ છે તેના પર ક્લિક કરો. હવે તમારો **Video** ડાઉનલોડ થવા માંડશે.

## રીત-2. URL માં SS લખીને

**YouTube** પર તમને ગમતો **Video** સર્ચ કરીને ચાલુ કરો. ચાલુ કર્યા બાદ સૌથી ઉપર **URL** જ્યાં લખેલું છે https://www.youtube.com/watch?v=FVuhQ-UN-8A ત્યાં **www.** પછી અને **youtube** પહેલા SS લખો. નીચેનું ચિત્ર જુઓ. (https://www.SSyoutube.com/watch?v=FVuhQ-UN-8A)



ઉપરના ચિત્રમાં **SS** લખ્યા બાદ **Enter** કી આપો. તમને નીચે મુજબ ચિત્ર જોવા મળશે.





ઉપરના ચિત્રમાં તમને અનેક પ્રકારની **Video** ફાઈલના પ્રકાર જોવા મળે છે. તેમાંથી તમારે **Video** નો જે પ્રકાર જોઈએ છે તેના પર ક્લિક કરો. હવે તમારો **Video** ડાઉનલોડ થવા માંડશે.

## રીત-3. URL માં MAGIC લખીને

**YouTube** પર તમને ગમતો **Video** સર્ચ કરીને ચાલુ કરો. ચાલુ કર્યા બાદ સૌથી ઉપર **URL** જ્યાં લખેલું છે https://www.youtube.com/watch?v=FVuhQ-UN-8A ત્યાં **www.you** પછી અને **tube** પહેલા **MAGIC** લખો. ત્યારબાદ **Enter** કી આપો. તમને નીચે મુજબ ચિત્ર જોવા મળશે.

(https://www.you**MAGIC**tube.com/watch?v=FVuhQ-UN-8A)




ઉપરના ચિત્ર મુજબ **Download Video** પર ક્લિક કરો એટલે ફાઈલના પ્રકાર દેખાશે. તમને મનગમતા ફાઈલ પ્રકાર પર ક્લિક કરો. તમને નીચે મુજબ ડાઉનલોડ કરવા માટેની લીંક દેખાશે.




તે લીંક પર ક્લિક કરો. હવે તમારો **Video** ડાઉનલોડ થવા માંડશે.

## નોંધ




શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

અમદાવાદ ગ્રામ્ય